### દોષ કોને આપવો..?? : ગામડાં સુધી કોરોનાનું સંક્રમણ

# સાબરકાંઠા, અરવલ્લીમાં સ્થાનિક ચૂંટણી બાદ કોરોનાના ૭૦૦થી વધુ કેસ

## અનેક વિસ્તારો માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવી શકે છે : સાબરકાંઠામાં ગત રોજ ૧૦ પોઝિટિવ કેસ સરકારી દફતરે નોંધાયા

### કોરોનાનું વિકરાળ સ્વરૂપ, શૈક્ષણિક સંકુલો બંધ કરાય તેવી દહેશત

બાયડ : ગુજરાત સહિત ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. ભલે આરોગ્ય તંત્ર આંકડા છૂપાવે પરંતુ સરકાર તેની ગંભીરતા જાણી ચૂકી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક શૈક્ષણિક સંકુલો સુધી કોરોનાનું સંક્રમણ બહાર આવ્યું છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓને કોરોનાના સંક્રમણથી બચાવવા માટે શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ કરવું પડે તેવી સ્થિતિ છે. સંભવ છે કે સરકાર અને શિક્ષણ વિભાગ ટૂંક સમયમાં જ શૈક્ષણિક સંકુલો બંધ કરે તેવી જાહેરાત કરી શકે છે.

### ગાંધીનગર સમાચારનો ઉગ્ર પડઘો

### બાયડમાં હરકતમાં આવેલું તંત્ર, માસ્ક પહેરવા માટે માર્ગો ઉપર ઉતરી અપીલ કરી



બાયડ : બાયડ તાલુકામાં કોરોનાના સૌથી વધુ કેસ હોવાના એકમાત્ર અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા હતા જેના ઉગ્ર પડઘા રાજ્યના પાટનગરમાં પણ જોવા મળ્યા. બાયડ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વધતા કોરોનાના કેસના કારણે બાયડ મામલતદાર કચેરીના પુરવઠા સ્ટાફે ગુરૂવારે માર્ગો ઉપર બેનર સાથે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અને માસ્ક પહેરવા માટે પ્રજાને અપીલ કરતા જોવા મળ્યા. વેપારીઓને પણ માસ્ક પહેરીને જ ધંધો કરવા માટે વિનમ્રતાથી અપીલ કરી હતી. તંત્રના અધિકારીઓને ધોમધખતા તાપમાં માસ્ક પહેરવા માટે અપીલ કરવી પડી તેના કરતાં પહેલાંથી જ તંત્રએ સખ્તાઈ દાખવી હોત તો આવા દિવસો જોવાની નોબત ન આવી હોત.

### કોરોના માટે રાજકીય પક્ષો અને ખુદ તંત્ર દોષિત

બાયડ : કોરોનાની બીજી લહેર પરાકાષ્ટાએ હતી છતાં રાજકીય મેળાવડા બેરોકટોક થયા. એકલ-દોકલ લગ્ન સમારંભોમાં ઓછી હાજરી છતાં તંત્રએ દંડા ઉગામ્યા પરંતુ રાજકીય મેળાવડાઓમાં કૂણી લાગણી ઉડીને આંખે વળગી હતી. બીજી તરફ સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક ફરજીયાતનું પાલન કરાવનારૂ તંત્ર પણ રાજકીય પક્ષોની રેલીઓ, પ્રચાર દરમ્યાન ઘૂંટણો ટેકવી હોય તેવી સ્થિતિમાં જોવા મળ્યું જેથી કહી શકાય કે કોરોના માટે રાજકીય પક્ષો અને ખુદ પોલીસ તંત્ર સૌથી વધુ દોષિત ગણી શકાય.

બાયડ તા.૧૮

માનો કે ન માનો સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અતિરેકમાં કોરોનાનું આક્રમણ ભૂલાયું હતું જેનાં ગંભીર પરિણામો પાછલા સપ્તાહથી શરૂ થયા છે. સાબરકાંઠા, અરવલ્લીમાં ૭૦૦ થી વધુ કોરોનાના સક્રીય કેસ હોવાની આશંકા છે. સાબરકાંઠા અને અરવલ્લીનું આરોગ્ય વિભાગ જે રીતે પોઝિટિવ કેસના આંકડા જાહેર કરે છે તે પ્રજાને ગળે ઉતરતા નથી અનેક વિસ્તારો માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવી શકે છે. ગત રોજ સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગના દફતરે કોરોના વિસ્ફોટ થયો હોય તેમ ૧૦ કેસ નોંધાયા છે. જેમાં હિંમતનગરમાં શારદાકુંજ સોસાયટી, આદર્શ બંગ્લોઝ, શ્યામસુંદર સોસાયટી, બળવંતપુરા, શાસ્ત્રીનગર સોસાયટી, પ્રાંતિજ તાલુકાના તખતગઢ, ઈડર તાલુકાના બડોલી, પૃથ્વીપુરા અને હિંમતનગરના હાથરોલમાં પોઝિટિવ કેસ નોંધાયા છે.

ઉનાળો તેનું આક્રમક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે ત્યારે અસહ્ય ગરમી હોંશિયામાં ધકેલાઈ છે અને કોરોના ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે. જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જનરલ પ્રેકટીશનરથી માંડી કન્સલ્ટન્ટ ફીજીશીયન પણ જિલ્લામાં વધી રહેલા કોરોના પ્રકોપથી ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. વર્તમાન સ્થિતિ ઉપર નજર કરવામાં આવે તો તા.૨ માર્ચે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીના પરિણામો જાહેર થયા જેમાં સોશ્યલ ડિસ્ટન્સના લીરેલીરા ઉડ્યા, માસ્ક પહેરવાનું ભૂલાયું જેનું પરિણામ એ આવ્યું કે મત ગણતરી સ્થળે એકત્ર થયેલા અનેક કાર્યકરો અગાઉથી કોરોના સંક્રમિત હતા જે હજારો કાર્યકરોના સંપર્કમાં આવ્યા પછી અન્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે. બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, વડાલી, ઈડર અને ખેડબ્રહ્મામાં શહેરીની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાએ સકંજો મજબૂત કરતાં જિલ્લાની પ્રજા અને આરોગ્ય વિભાગ માટે સારા સંકેત નથી.

# મોડાસા ફાર્મસી કૉલેજનો પ્રોફેસર કોરોનાગ્રસ્ત, ૩ છાત્રો કોરોના સંક્રમિત થયાની અફવા

## છાત્રોને કોરોના થયો નથી, તકેદારીના ભાગરૂપે ૫ દિવસ કોલેજ બંધ : પ્રમુખ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

તાપમાનનો પારો ઉંચકાયો તેમ કોરોના વધુ ભૂરાંટો બન્યો છે. અરવલ્લી જિલ્લામાં સ્થિતિ વધુ સ્ફોટક હોવા છતાં આરોગ્ય વિભાગની સબસલામતની વાત ગળે ઉતરતી નથી. મોડાસા કોલેજ કેમ્પસની ફાર્મસી કોલેજના અમદાવાદથી અપ-ડાઉન કરતા પ્રોફેસરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં હલચલ મચી છે. જ્યારે કોલેજના ૩ છાત્રો કોરોનાગ્રસ્ત હોવાની વાતો વહેતી થઈ હતી પરંતુ મંડળના પ્રમુખ નવિનભાઈ મોદીએ છાત્રો કોરોનાગ્રસ્ત હોવાની બાબતને નકારી છે અને પ્રોફેસરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં તકેદારીના ભાગરૂપે કોલેજ ૫ દિવસ બંધ રાખવાનો નિર્ણય લીધાનું જણાવ્યું છે.

અત્ર, તત્ર, સર્વત્ર કોરોનાનું સંક્રમણ પ્રસરી રહ્યું છે તેના ઉપર ગમે તેટલી ઢાંકપીછોડ કરો છતાં છાનું રહેવાનું નથી. ભલે સરકારી હોસ્પિટલમાં રેપિડ ટેસ્ટ ઓછા થતા હોય અને જે ટેસ્ટ થતા હોય તેમાંથી મોટાભાગના નેગેટિવ આવતા હોય પરંતુ ખાનગી લેબોરેટરીના રિપોર્ટ અત્યંત ચોંકાવનારા છે. દરરોજ વધુ ને વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સરકારની કોવિડ હોસ્પિટલ બંધ થયા પછી કોરોના સંક્રમિત દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં ફરજીયાત સારવાર લેવાની ફરજ પડી છે. જે રીતે કોરોનાનું સંક્રમણ બેકાબુ બનીને આગળ વધી રહ્યું છે ત્યારે ખરા ટાઈમે જ આરોગ્ય વિભાગ પાણીમાં બેઠું હોય તેવું નિરાશાજનક ચિત્ર સામે આવ્યું છે. જિલ્લામાં ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની બે શાળાઓમાં બાળકો કોરોનાથી સંક્રમિત થયા પછી હવે કોલેજ સંકુલોમાં કોરોનાએ અડીંગા જમાવ્યા છે.

### અરવલ્લીમાં ૧૫ દિવસમાં ૨૮ પોઝિટિવ કેસ

બાયડ : અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેર ઉછાળા મારી રહી છે. કોવિડ-૧૯ની ગાઈડલાઈનો અભરાઈએ મૂકાઈ જતાં દિવસે..દિવસે કોરોનાનું સંક્રમણ ચિંતાજનક બન્યું છે. જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં જ કોરોના પોઝિટિવના ૨૮ કેસ નોંધાતાં આરોગ્ય તંત્ર ઉંધા માથે થયું છે. ગ્રામ્ય વિસ્તારોમાં સંક્રમણની સ્થિતી વધુ વિકટ બનવાના અણસાર છતાં વિભાગ દ્વારા સબસલામતની આલબેલ પોકારવામાં આવી છે.

# બાયડ નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખે ચાર્જ સંભાળ્યો

## પાલિકા વિસ્તારને વિકાસની ઉંચાઈએ લઈ જવાનો મક્કમ નિર્ધાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

બાયડ નગરપાલિકામાં ભાજપની ઐતિહાસિક જીત પછી બિનહરીફ ચૂંટાયેલા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પી. પટેલે ગુરૂવારે શુભ મુહર્તમાં ચાર્જ સંભાળ્યો ત્યારે ચૂંટાયેલા તમામ નગરસેવકો અને કર્મચારીઓએ તેમને શુભેચ્છા આપી હતી. ચાર્જ સંભાળતા અગાઉ બાયડ પાલિકાના પદાધિકારીઓએ પાલિકાના કર્મચારીઓ સાથે બેઠક યોજી દરેક પ્રકારની વહીવટી કામગીરીમાં પૂરતી લગન સાથે કામ કરવા અનુરોધ કર્યો હતો. ચાર્જ સંભાળનાર પ્રમુખ-ઉપપ્રમુખે પાલિકા વિસ્તારને વિકાસની ઉંચાઈએ



લઈ જવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરી ચૂંટાયેલા નગરસેવકોના અમૂલ્ય સહયોગ માટે જણાવ્યું હતું.

બાયડનગરના ભવ્ય અને દિવ્ય વિકાસના સંકલ્પ સાથે ચૂંટાયેલી ટીમ ભાજપે પ્રથમ દિવસથી જ શહેરના સર્વાંગી વિકાસ માટે મનોમંથન શરૂ કર્યું છે. તા.૧૬ માર્ચના રોજ પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપના મેન્ડેટના આધારે નિયુક્તિ કરવામાં આવી. હોળાષ્ટક બેસતાં હોવાથી પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખે શુભમુહર્તમાં ચાર્જ સંભાળી તેમની વહીવટી કામગીરીનો આરંભ કર્યો છે. બાયડનગર માટે ત્રાસદાયક બનેલી સમસ્યાઓના ઉકેલ માટે ચૂંટાયેલા ભાજપના નગરસેવકો સાથે ઉંડાણપૂર્વક ચર્ચા પણ કરી હતી. ચૂંટાયેલા નગરસેવક અશોકભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પ્રજાપતિ, કંચનબેન પટેલ, મીનાબેન પટેલ વગેરેએ પણ કેટલાક સૂચનો કર્યા હતા.

# બાયડ નગરપાલિકાના ચીફ ઓફીસર તરીકે સાવિબેન સોનીની નિયુક્તિ

## પાલિકાને ૨ વર્ષ પછી ઈન્ચાર્જ ઓફીસરમાંથી છૂટકારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

બાયડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવતાં જ બધું સારૂ થઈ રહ્યું છે. બાયડ પાલિકા ચીફ ઓફીસર તરીકે સાવિબેન સોનીની નિયુક્તિ થઈ છે અને તેઓએ ચાર્જ સંભાળ્યો છે. પાછલા ૨ વર્ષથી ઈન્ચાર્જ ઓફીસરના કારણે અરજદારોથી માંડી સ્થાનિક કર્મચારીઓ પરેશાન બની ગયા હતા પરંતુ હવે પાલિકાને લાગે છે કે ઈન્ચાર્જ ઓફીસરનો શ્રાપ દૂર થયો છે.



જે તે નગરપાલિકા વિસ્તારોમાં પ્રમુખ અને ચીફ ઓફીસર વિકાસનું ગ્રોથ એન્જીન ગણાતા હોય છે ત્યારે કમનસીબે બાયડ નગરપાલિકામાં અત્યાર સુધીમાં આવેલા ઈન્ચાર્જ ચીફ ઓફીસરો સામે ભાગબટાઈની લોકવાયકા જગજાહેર છે. પાલિકામાં ઈન્ચાર્જ ચીફ ઓફીસર ક્યારે આવે અને પલાયન થઈ જાય તે પ્રજાને ખ્યાલ આવતો ન હતો જેના કારણે કામ માટે વારંવાર ધક્કા ખાવા પડતા હતા.

બાયડ પાલિકામાં ભાજપનું શાસન આવતાંની સાથે અભ્યાસુ મહિલા અધિકારીની ચીફ ઓફીસર તરીકે નિયુક્તિ થઈ છે. તેઓએ વર્ષ-૨૦૧૬-૧૭ માં ખેડબ્રહ્મા નગરપાલિકાના ચીફ ઓફીસર તરીકે સારી કામગીરી કરી હતી ત્યારબાદ તેઓ અમદાવાદ લેબર એન્ડ એમ્પલોઈમેન્ટ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. બાયડ પાલિકામાં તેઓએ ચાર્જ સંભાળતાં બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ તથા અન્ય નગરસેવકોએ તેમને આવકાર્યા હતા.

# જિલ્લામાં હડતાળ બાદ બેન્કો ખૂલતાં ગ્રાહકોનો ધસારો

## બેન્ક ખુલતાંની સાથે જ કર્મચારીઓના માથે કામનું ભારણ વધ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સરકારી બેન્કોના ખાનગીકરણના વિરોધમાં યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન દ્વારા તા.૧૫ અને ૧૬ માર્ચના રોજ રાષ્ટ્ર વ્યાપી હડતાળ આપવામાં આવી હતી જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની હડતાળના કારણે બંધ રહેતાં કરોડોના આર્થિક વ્યવહારો ખોરવાયા હતા પરંતુ ૨ દિવસથી બેન્કો ફરીથી કાર્યરત થતાં ગ્રાહકોનો ધસારો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં હડતાળના કારણે બેન્ક કર્મીઓના માથે કામનું ભારણ વધી ગયું છે.

જિલ્લામાં હોળી-ધુળેટીના તહેવારો નજીક આવતાં બેન્કોમાં પૈસાની લેવડ દેવડ માટે ગ્રાહકોનો ધસારો સતત વધી રહ્યો છે તેવા સમયે ખાનગીકરણના વિરોધમાં બેન્કો ૪ દિવસ માટે બંધ રહી હતી જેમાં ૨ દિવસ હડતાળના સમર્થનમાં અને ૨ દિવસ શનિ-રવિની રજાના કારણે ગ્રાહકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. રોકડ રકમ ઉપાડવા માટે એ.ટી.એમ.માં નાણાં ખૂટી પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી.

જિલ્લામાં હડતાળ સંપન્ન થયા પછી બેન્કોનું કામકાજ ફરીથી શરૂ થતાં તમામ બેન્કોમાં ગ્રાહકોની ભીડ ઉમટવા લાગી છે. જિલ્લાની કેટલીક બેન્કોમાંથી કામકાજ ધીમીગતિએ થતું હોવાના કારણે ગ્રાહકોને કલાકો સુધી બેન્કમાં ઉભા રહેવાનો વારો આવ્યો હતો.

બેન્કોની શાખાઓમાં ગ્રાહકો, વેપારી વર્ગ અને દૈનિક બચત કરનારા ફેરીયાઓ સહિત આર્થિક વ્યવહારો માટે ભીડ જોવા મળી રહી છે. બેન્કોમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર ગ્રાહકોને સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવાતું હોવાથી બેન્કની આગળ ગ્રાહકોની કતારો જોવા મળી હતી.

# જિલ્લાના વાતાવરણ એકાએક પલટો, માવઠાની દહેશતે ખેડૂતો ચિંતિત

## ઘઉં-બટાકા-ચણા નો તૈયાર થયેલ પાક જો માવઠું થાયતો નુકશાનની ભીતી : હોળીના તહેવારને લઇને ખેતી કામમાં મજૂરોની અછત

ઈડર (બ્યુરો ઓફીસ)તા.૧૮

સાબરકાંઠા જિલ્લા માં આજે વાદળો અને હલકા પવન સાથે વાતાવરણમાં વાદળ મંડાયા હતા અને સાથે હલકા પવન ફૂંકાતા ખેડુતો માં તૈયાર થયેલ ઘઉં-બટાકા અને ચણા નો પાક ને લેવામાં અને અપૂરતા ભાવે ભારે નુકશાન વેઠી રહ્યાં છે, ત્યારે જો વાતાવરણમાં આવેલ પલટા થી માવઠા ની દહેશત ખેડૂતો





એકાએક પલટો આવતા માવઠા ની દહેશતે ખેડૂત આલમ માં ચિંતા નું મોજું ફળી વર્યુ છે.

ફાગણ મહિના ની શરૂઆત થઈ રહી છે ,અને રાત્રે ઠંડી અને દીવસે ગરમી નો પારો ઊંચકતા ઈડર વિસ્તાર માં ૪૦'એ પહોંચ્યો હતો ,ત્યારે આજે સવારે થી જ વાતાવરણમાં પલટો આવી ખેડૂતો જોતરાયા છે ત્યારે જો માવઠું થાય તો તૈયાર થયેલ પાક ને ભારે નુકશાન થવાની દહેશતે ચિંતામાં મુકાયા છે,જિલ્લા માં બટાકા નો પાક લગભગ પૂર્ણ થવાના આરે છે અને ઘઉં ની કાપણી ચાલુ છે અને હોળી પછી ઘઉં નો પાક લેવાશે ,ત્યારે એકબાજુ બટાકા માં ઓછા ઉત્પાદને ચિંતિત બન્યા છે.

આખું વર્ષ ખેતી માં વાતાવરણ અનુકુળ ન રહેતા બટાકા -ઘઉં અને ચણા ના ઉત્પાદન માં ભારે ઘટાડો આવતા ખેડૂતો ને માથે આભ તૂટી પડ્યું છે,ત્યારે આજે વતાવરણ એકાએક આવેલ પરિવર્તન થી ખેડૂત આલમ ભારે ચિંતિત છે.

# ૨૨મી માર્ચે ઈડર માર્કેટીંગ યાર્ડના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાશે

## પરિવર્તન કે પુનરાવર્તન, બે ટર્મથી ચાલુ ચેરમેન કે નવા ઉમેદવારની પસંદગી, તરેહ તરેહની ચર્ચાએ જોર પકડ્યું

ઈડર( બ્યુરો ઓફીસ) તા.૧૮

ઈડર માર્કેટીંગ યાર્ડ ની ૩૦ જાન્યુઆરી ના રોજ ૧૬ સભ્યો માટે ચૂંટણી યોજાઈ હતી,જેમાં આગામી ૨૨ મી માર્ચ ના રોજ ચેરમેન અને વાઈસ ચેરમેન ની ચૂંટણી યોજાવાની હોઈ ઈડર ના સહકારી રાજકારણમાં ગરમાવો આવ્યો છે,

ઈડર માર્કેટીંગ યાર્ડ ની ૩૦ મી જાન્યુઆરી ના રોજ યોજાયેલ ચૂંટણી માં ખેડૂત વિભાગ ના ૧૦ ડિરેક્ટરો સમાજ વાઈઝ સમજુતી થી નિયુક્તિ થઈ હતી,જ્યારે સહકાર વિભાગની બે બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી તો વેપારી વિભાગ ની ચાર બેઠકો માટે બે પેનલો વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો અને અંતે વિકાસ પેનલ ના ત્રણ અને એકતા પેનલ નો એક સભ્ય ચૂંટાયા હતા , માર્કેટીંગ યાર્ડ ના ૧૬ સભ્યો આગામી ૨૨ માર્ચે ચેરમેન -વાઈસ ચેરમેન ને ચૂંટી કાઢશે,ત્યારે માર્કેટીંગ યાર્ડ ના ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણી ને લઈને ઈડર ના સહકારી રાજકારણ માં ગરમાવો વાપ્યો છે,અને સત્તા પરિવર્તન કે ચેરમેન ની પુનરાવર્તન થશે તેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે ખેડૂત વિભાગ સમાજ ના આંતરિક સમજણ અને ચુંટણી ઓ માં થતા ખોટા ખર્ચાઓ સામે સમાજના આગેવાનોએ માર્કેટ યાર્ડ ની ચૂંટણી સમરસતા દાખવવા બિનહરીફ કરેલ હતી હવે જોવાનું એ રહ્યું કે ચેરમેન પદ માટે પણ સમરસતા થાય છે કે ચૂંટણી તેના પર નજર મંડાયેલી છે.